# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીમાં જણાવે છે કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના તમામ વિદ્યાર્થીઓ માટે ગુણપત્રક, પ્રમાણપત્ર માઈગ્રેશન, પ્રમાણપત્રોનું Verification અને ડિપ્લોમા અને ITI ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષા પાસ કરેલ છે તેવું સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા માટે "વિદ્યાર્થી સેવા કેન્દ્ર" બોર્ડની ગાંધીનગરની કચેરી ખાતે કાર્યરત છે. અગાઉ ઉક્ત સેવાઓ માટે અરજદારે બોર્ડની કચેરી ખાતે રૂબરૂ આવીને મેળવવાની રહેતી હતી. પરંતુ ઉપરોક્ત તમામ સેવાઓ બોર્ડ દ્વારા માર્ચ - ૨૦૨૦ થી Online અરજી કરીને સ્પીડ પોસ્ટથી અરજદારે દર્શાવેલ સરનામા પર મોકલવાની વ્યવસ્થા ઉભી કરેલ છે. જેથી કોઈપણ અરજદારે COVID-19 ની આ પરિસ્થિતિમાં પ્રવાસ કર્યા સિવાય ઘરે બેઠા Online અરજી કરવાથી સરળતાથી સ્પીડ પોસ્ટ મારફતે મળે તેવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે. વધુમાં ઉક્ત સ્પીડ પોસ્ટ સેવાનું ટ્રેકીંગ અરજદાર તેઓના મોબાઈલ ફોન મારફતે કરી શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ છે. જેથી અરજદાર સ્પીડ પોસ્ટ ટપાલની છેલ્લી સ્થિતિની જાણકારી મેળવી શકે છે.

વધુમાં, માર્ચ – ૨૦૨૦ ની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયેલ છે. કેટલાક વિદ્યાર્થીઓને અત્રેથી મળેલ નવા જ ગુણપત્રક ખોવાઈ જવાના કિસ્સા ધ્યાને આવેલ છે. માર્ચ – ૨૦૨૦ ની પરીક્ષાના ખોવાયેલ, ચોરાયેલ કે અન્ય કારણસહ ઉપલબ્ધ ન હોય તેવા અસલ ગુણપત્રક ડુપ્લીકેટ મેળવવા માટે નિયત નમૂનામાં ૫૦/- રૂ. ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ રજૂ કર્યેથી ડુપ્લીકેટ ગુણપત્રક મેળવવા માટે Online પ્રક્રિયા કરવાથી મેળવી શકાશે.

ઓનલાઈન પ્રક્રિયા માટે બોર્ડની website www.gsebeservice.com ઉપર જઈ students મેનું ઉપર ક્લીક કર્યા બાદ online student services પરથી વિદ્યાર્થીઓ બોર્ડ પાસેથી મેળવવાના થતા દસ્તાવેજો રૂબરૂ કચેરીમાં આવ્યા સિવાય જે સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ છે તે મેળવવા ઓનલાઈન અરજી કરી શકશે.

શાળાના આચાર્યશ્રી, વાલીશ્રી, વિદ્યાર્થીઓ નોંધ લે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

તારીખ:- ૧૧/૦૬/૨૦૨૦
સ્થળ:- ગાંધીનગર

Scanned with CamScanner